અમદાવાદના મહેરબાન એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રી કોર્ટ નંબર:૧૯.

મુકામ:અમદાવાદ

ક્રિમીનલ કેસ નંબર: ૮૫૧૬૭/૨૦૧૮

આંક:–

ફરીયાદી: સરકારશ્રી

વિરુધ્ધ

આરોપી: આશીષ મિઠુલાલ ગોયલ

–। ગુન્હા કબુલાત પુરસીસ –।

અમો આરોપી સદર હુ કામે ગુન્હાની સ્વૈચ્છાપૂર્વક કબુલાત કરી જણાવીએ છીએ કે, અમો ગરીબ વર્ગના છીએ. બાળબચ્ચાવાળા છીએ. સદરહુ ગુન્હો અમોથી ભુલમાં થયેલ છે અને તે ગુન્હો કરવાનો અમારો કોઈ બદઈરાદો ન હતો. અમારો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. અમો રીઢા ગુનેગાર નથી અને હવે પછી આ ગુના નુ પુનરાર્વન અમો નહિ કરીએ તેની ખાતરી આપીએ છીએ. તેથી એક સારા નાગરીક તરીકે જીવન જીવવાની તક આપીને અમને હળવી સજા કરવા વિનંતી કરીએ છીએ.

તારીખ: ૦૯/૦૩/૨૦૧૯

અમદાવાદ.

આરોપી ની સહી/અંગુઠો

Recorded.

[ A.N.VORA ]

Additional Chief Metropolitan magistrate,

Court No.19.Ahmedabad.

Unique Code No.00849

ક્રિમીનલ કેસ નંબર: ૧૨૩૪૫૬/૨૦૧૯

સવાલ: શું તમને પોલીસ તપાસના જરૂરી તમામ કાગળોની નકલો આપવામાં આવી છે?

જવાબ: હાજી, મને નકલો મળી ગઈ છે.

સવાલ: તમો આરોપીને તમારી સામે ગુન્હો વાંચી, સંભળાવી,સમજાવવામાં આવેલ છે,શું તમોને તમારી સામેનો ગુન્હો કબુલ છે કે વકીલશ્રી રોકીને બચાવ કરવા માંગો છો ?

જવાબ: હાજી, મને મારી સામેનો ગુન્હો કબુલ મંજુર છે. દયાની યાચના કરૂ છું.

Before Me,

આરોપી ની સહી/અંગુઠો

[ A.N.VORA ]

Additional Chief Metropolitan magistrate,

Court No.19.Ahmedabad.

Unique Code No.00849

૧.	આ કામે આરોપી વિરુદધ ઈ.પી.કો કલમ–૨૮૩ મુજબનો ગુનો નોંધાયેલ છે. જે અંગે પોલિસે તપાસ કરી આ કામે ઈ.પી.કો કલમ–૨૮૩ મુજબનુ ચાર્જશીટ રજુ કરેલ છે.

૨.	તહોમતદારોએ આજરોજ પોતાની સામેનો સદર ગુનો સ્વૈચ્છીક રીતે કબુલ કરેલ છે અને તે અંગે કબુલાત પુરસીસ આપી છે તેમજ જણાવેલ છે કે, તેનો આ પ્રથમ ગુનો છે અને ગરીબ વર્ગમાંથી આવે છે તેમજ કુંટુંબ કબીલાવાળા છે ને હવે પછી આવા પ્રકારનો ગુનો કરશે નહિ જેથી આરોપી ઉપર દયા રાખવા જણાવેલ છે.

૩.	તહોમતદારે સદરહું ગુનો સ્વૈચ્છીક રીતે કબુલ રાખેલ છે અને તે અંગે ગુનો કબુલાતની પુરસીસ પણ આપેલ છે, તે જોતા અને તહોમતદારની રજુઆત ધ્યાને લેતાં તેઓનો આ પ્રથમ ગુનો છે અને આરોપી જે પ્રકારે છે તે ધ્યાને લેતાં તેમજ તહોમતદારની પરીસ્થિતિ ધ્યાને લેતાં તેને નીચે મુજબની સજા કરવામાં આવશે તો તે ન્યાયી અને વ્યાજબી ગણાશે તેમ માની નીચે મુજબનો હુકમ કરૂ છું.

## –: હુકમ :–

(૧) આરોપીને ઈ.પી.કો.કલમ–૨૮૩ મુજબના ગુના માટે ક્રિ.પ્રો.કોડ.કલમ–૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/–( અંકે રૂપીયા સો ) પુરાનો દંડ કરવામાં આવે છે. આરોપી જો દંડની રકમ ના ભરે તો વધુ દિન–૦૧ ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

સદરહુ હુકમ આજ તારીખ: ૦૯ માહે સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

મુકામ:અમદાવાદ
તા.૦૯/૦૩/૨૦૧૯

(અર્ચિત નિલમભાઈ વોરા)
એડીશનલ ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં:૧૯,અમદાવાદ.
કોડ નં.જીજે. ૦૦૮૪૯

એમ.ટી.દેસાઈ.